તારીખ: 14 ફેબ્રુઆરી, 2014

# સંસદની ધાંધલધમાલથી કોંગ્રેસની અક્ષમતા છતી થઈ

- અરુણ જેટલી

વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)

યુપીએ સરકારે શાસન ચલાવવાની ઈચ્છાશક્તિ ગુમાવી દીધી છે અમે વારંવાર કહેતા આવ્યા છીએ. રાજકીય નિર્ણયો લેવા અને તેનો અમલ કરવાની યુપીએ સરકારની ક્ષમતા અંગે ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થયા છે. તેલંગણા રાજ્ય બનાવવા માટેની દરખાસ્તને પગલે સર્જાયેલી રાજકીય પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે યુપીએ અક્ષમતાને કારણે સંસદમાં ધાંધલધમાલ થઈ. કોંગ્રેસ પક્ષમાં તેલંગણા મામલે અનેક મતભેદો પ્રવર્તે છે. સંસદ અસરકારક રીતે કામ કરવામાં નિષ્ફળ નીવડી તેના માટે મુખ્યત્વે આંધ્ર પ્રદેશના સંસદ સભ્યો જવાબદાર છે. તેના મુખ્ય પ્રધાનના શાસનમાં વહીવટ સંપૂર્ણપણે લકવાગ્રસ્ત થઈ ગયું છે.

લોકસભામાં બનેલા બનાવો ભારતની સંસદીય લોકશાહી માટે ગંભીર ફટકો છે. સંસદીય કાર્યવાહી અવરોધિત કરવા ખતરનાક અને પ્રતિબંધિત ઉપકરણોનો ઉપયોગ કરાયો. વાસ્તવમાં શું બન્યું છે તે અંગે ઘણા સાંસદો હજી અસમંજસમાં છે. તેલંગણા અને સીમાંધારા વિસ્તારમાંના ભાજપના તમામ સભ્યોએ તેલંગણા રાજ્યની રચનાને ટેકો આપીને સીમાંધારા વિસ્તારની સમસ્યાઓ પ્રત્યે પણ ધ્યાન અપાવું જોઈએ, એવું વલણ અપનાવ્યું હતું. દુઃખની વાત એ હતી કે યુપીએ આ બાબતમાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ. વર્તમાન કટોકટી આ નિષ્ફળતાને કારણે સર્જાઈ છે. પરિસ્થિતિ સંપૂર્ણપણે કથળી તેના માટે કોંગ્રેસ અને એકલી કોંગ્રેસ જ જવાબદાર છે. કોંગ્રેસ નેતૃત્વ દ્વારા પર્યાપ્ત ચર્ચાવિચારણા થઈ હોત તો સંસદમાં સર્જાયેલા 'વાહિયાત દૃશ્યો' ટાળી શકાયા હોત અને અને તેના પોતાના સભ્યોને નિયંત્રિત કરી શક્યા હોત.